# બાઈક ચોરીને ભાગેલો શખ્સ મિત્રની મદદથી ઝડપાઈ ગયો

## દશેલા પાસે ખેતરના ઢાળીયામાં ચોરીના બાઈક સાથે ચોર પડી જતાં દોડી ન શક્યો : એક ચોર ફરાર : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર પાસેના દશેલા ગામની સીમમાંથી એક બાઈક ચોરીને ભાગી રહેલા શખ્સને નજીકના બોરકુવા પાસે રહેતા મિત્રની મદદથી ઝડપી લેવામાં આવ્યો હતો. અમદાવાદના બે શખ્સો એક બાઈક પર આવ્યા હતા અને પાછળ બેઠેલો શખ્સ દશેલા પાસે પડેલા બાઈક જોડે ઉતરી ગયો અને તે બાઈક ઉઠાવીને ભાગ્યો હતો. ભાગતી વખતે બાઈકચોરને પકડવા જતા તે ખેતરના ઢાળીયામાં પડી ગયો હતો જેથી વધુ ભાગી શક્યો ન હતો. આરોપીને ચિલોડા પોલીસને સોંપી તેના વિરૂદ્ધમાં ફરીયાદ આપતાં પોલીસે તેની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા સખ્સની શોધખોળ શરૂ કરી છે.





દશેલા ગામમાં રહેતા જશુભાઈ રામજીભાઈ ચૌધરી ગઈકાલે બપોરના સુમારે તેના મિત્ર રૂપેશભાઈ પંચાલનું ડીસ્કવર બાઈકનં. જીજે-૧૮-સીએ-૦૭૩૦ લઈને મજુરોને ચા આપવા ગામની સીમમાં ગયા હતા. રોડની સાઈડમાં બાઈક પાર્ક કરીને તે ચા આપવા ગયા અને ચાવી બાઈકમાં જ રહી ગઈ હતી. દરમ્યાન બે શખ્સે એક બાઈક પર આવ્યા, પાછળ બેઠેલો શખ્સ ઉતર્યો અને ચાવી ભરાયેલું બાઈક ઉપાડીને ભાગ્યો હતો. બાઈક ચોરી કરતાં દેખાઈ જતાં જશુભાઈ અને મજુરોએ બુમાબુમ કરી તેનો પીછો કર્યો હતો.

જશુભાઈના મિત્ર ગીરિષભાઈનો સાદરા-બોભા રોડ પર બોરકુવો આવેલો છે. ગીરીષભાઈને જશુભાઈએ ફોન કરીને કહ્યું કે એક શખ્સ બાઈક ચોરીને તે રોડ પર આવી રહ્યો છે. ગીરીષભાઈ સામેથી રોડ પર આવ્યા અને પકડવાનો પ્રયત્ન કરતાં તેનું બાઈક ખેતરના ઢાળીયામાં પડી ગયું. વધુ દોડી ન શકતા તે શખ્સ પકડાઈ ગયો હતો. ચિલોડા પોલીસે ઝડપાઈ ગયેલા બાઈક ચોર દિનેશ શંકરલાલ ઉત્તમ ચંદાણીની ધરપકડ કરી લીધી છે અને તેને મદદગારી કરનાર સાથીદાર ભરત ઠાકોરને પકડી પાડવા શોધખોળ શરૂ કરી છે.

# સે-૨૨/૨૯ બસ સ્ટેન્ડ પાસે બમ્પ બનાવવા રહીશોની માંગ

ગાંધીનગર, તા. ૨૯

સે-૨૨/૨૯ બસ સ્ટેન્ડ પાસે માર્ગ સલામતી જોખમાતા સ્થાનિક રહીશો દ્વારા આ ઠેકાણે સ્પીડબ્રેકર મુકવા પ્રબળ માંગ કરી છે.

ઘ-૬થી અક્ષરધામ તરફ જવાના માર્ગ ઉપર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે આ વિસ્તારમાં બાઈકર્સ ગેંગના નબીરાઓ પણ વારંવાર સ્ટંટ કરતા નજરે પડે છે. ગતિ નિયંત્રણની વાત નેવે મૂકી બેફામ દોડતા વાહનોના લીધે અવાર નવાર નાના મોટા અકસ્માતો સર્જાય છે. છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ અકસ્માતોના બનાવો બનવા પામ્યા છે. જેના પરિણામે આ વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઈ છે. પીક અવર્સ દરમિયાન પણ ટ્રાફિક નિયમનના અભાવે પૈડા પરની જિંન્દગી વધુ જોખમી બની છે. સ્થાનિક રહીશો દ્વારા આ વિસ્તારમાં બમ્પ બનાવવા માંગણી કરવામાં આવી છે.

# નાંદોલ ખાતે ભદ્રકાળી માતાનો પ્રથમ પાટોત્સવનું આયોજન

નાંદોલ, તા. ૨૯

નાંદોલ ખાતે શ્રી ભદ્રકાળી પાટોત્સવ સમિતિ દ્વારા તા. ૩૦-૩-૨૦૧૩ને શનિવારના રોજ માં ભદ્રકાળીનો પ્રથમ પાટોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આ શુભ પ્રસંગે તાલુકાની ધર્મપ્રેમી જનતાને પધારવા શ્રી ભદ્રકાળી પાટોત્સવ સમિતિના મંત્રી દિલિપભાઈ ઠાકરે અખબારી યાદીમાં જણાવ્યું છે.



## ચિલોડા-વલાદ ખાતે હોલીકાત્સવની ધામધૂમથી ઉજવણી થઈ

### વલાદ-મહાકાલી માતાના ચોકમાં રામ-રાવણ યુધ્ધનો ખેલ ખેલી હોળી મનાવતા માઈભકતો

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા મોટા તથા વલાદ ખાતે હોલીકાત્સવ પ્રસંગે ગામના મુખ્ય ચોકમાં ગામના યુવક મંડળ તથા ગ્રામજનોના સંયુકત ઉપક્રમે દર વર્ષે પરંપરા મુજબ હોલીના બીજા દિવસે ચિલોડા ગામમાં ધુળેટી ઉત્સવ નિમિત્તે ખેલૈયા દ્વારા ભવ્ય ખેલ ખેલી ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રામાયણ-મહાભારત આધારિત વિવિધ પાત્રોની ભૂમિકા ભજવવા યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે વલાદ ખાતે મહાકાળી મંદિરના ભવ્ય ચોકમાં મહાકાળી યુવક મંડળ તથા ગ્રામજનોના સહયોગથી હોલીકાત્સવના છેલ્લે દિવસે મહોત્સવની ઉજવણી નિમિત્તે રામ-સીતાના વિવાહ તથા રામ-રાવણનું યુધ્ધ અંગે ભવ્ય ખેલ ખેલવામાં આવ્યો હતો. આ પ્રસંગે વલાદ ગામના માઈભકતો તથા આજુબાજુના દર્શનાર્થીઓનો માનવ મહેરામણ ઉમટી પડતાં અનેરો ઉત્સવ માણતા લોકોએ ધાર્મિક ધન્યતા અનુભવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# રાજસ્થાન સેવા સંઘનું સ્નેહમિલન ૭મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજસ્થાન સેવા સંઘ ગાંધીનગરના પ્રતિનિધિ વિક્રમસિંહ રાજપૂતના જણાવ્યાનુસાર સમાજના સભ્યોનો સ્નેહમિલન સમારોહ તથા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ ૭મી એપ્રિલ-૨૦૧૩ને રવિવારે આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

હોળીના પર્વ પછી ઉજવાતા નવ વર્ષ મારવાડી સંવતના અનુસંધાને રાજસ્થાન સેવા સંઘનો સ્નેહમિલન સમારોહ તથા પ્રતિભા સન્માન સમારોહ ૭મી એપ્રિલને રવિવારે યોજાશે. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાના હોઈ સમાજના સભ્યોએ વિદ્યાર્થીની માર્કશીટ-૨૦૧૨ કાર્યાલય ખાતે અથવા મો. નં. ૯૩૭૪૮૬૮૭૯૭ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિ બેઠક પહેલી એપ્રિલે મળશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠક તારીખ પહેલી એપ્રિલનાં સાંજે પાંચ વાગે નમન, એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થાને મળશે, જેમાં મોંઘવારી, ચોરીનો ઉપદ્રવ, પોલીસની નિષ્કાળજી, સફાઈ જેવા ગાંદીનગરનાં સળગતાં પ્રશ્નો અંગે વિચારણા કરવામાં આવશે. મંત્રી સોમાભાઈ ડી. પરમારે જણાવેલ છે.

# ગટરમાં ગુંગળાઈને કામદારના મૃત્યુ મામલે દિલ્હીમાં રજુઆત

## વારસદારને ૭ લાખ વળતર આપવા સહીતની માંગણીઓ સાથે સફાઈ કામદાર યુનિયનની આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-બી ખાતે ગટરમાં સફાઈ માટે ઉતરેલા યુવાન કામદારનું ગુંગળાઈ જવાથી થઈ ગયેલા મૃત્યુનાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયને દિલ્હી ખાતે એસ.સી. કમીશન રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગને રજુઆત કરી છે અને સફાઈ કામદારોના હક્ક અને અધિકાર અપાવવા માટે સંબંધીત તંત્રો અને અધિકારીઓ સમક્ષ પણ રજુઆત કરી છે.

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ શાંતાબેન ચાવડાના જણાવ્યા મુજબ યુનિયનના તમામ હોદેદારોએ દિલ્હી ખાતે એસ.સી. કમીશન રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગમાં પહોંચી અધિકારો તથા રક્ષણની માંગણી કરી હતી. કોઈપણ કામદારને ગટર, ખાળકુવા કે નાળામાં ઉતારવા નહી, ગટર સફાઈ કામ કરતાં કામદારને કોન્ટ્રાક્ટ પર રાખવા નહી, સલામતી સમિતિની રચના કરી તમામ કામદારોના સ્વાસ્થ્ય સલામતીની જાળવણી કરવી, ગટરમાં કામ કરતાં કામદારનું મૃત્યુ થાય તો જવાબદાર અધિકારી સામે ક્રિમીનલ કેસ દાખલ કરવો તથા મૃત્યુ પામનાર વ્યક્તિના વારસદારને સાત લાખનું વળતર આપવું તે સહિતની બાબતોના કડક અમલીકરણ માટે રજુઆત કરવામાં આવી હતી. હવેથી જો ઉપરોક્ત બાબતો તંત્ર કે સરકાર દ્વારા ધ્યાને નહી લેવાય તો યુનિયન ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડશે તેમ ગાંધીનગર અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના પ્રમુખે જણાવ્યું છે.





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચાલુ સાલે ઘઉંનું વાવેતર સારા પ્રમાણમાં થયું હતું. ઉનાળાના આગમન સાથે હાલમાં આ વિસ્તારમાં ઠેર ઠેર ઘઉંની કાપણી તથા થ્રેસર દ્વારા ઘઉંની લણણીની કામગીરીમાં ખેડુતો વધુ મશગુલ બન્યા છે. આ વિસ્તારમાં ચાલુ સાલે હોળી-ધુળેટી ઉત્સવને લીધે હજુયે મજૂરોનું આગમન ન થતાં મજૂરોની અછત વર્તાઈ રહી છે. જયારે અકાળે વાદળો ખોરંભાતા વરસાદના એંધાણો જણાતાં ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે. પરિણામે મોં માગ્યા મજૂરી ખર્ચે મજૂરો મેળવવા ખેડૂતો દોડધામ કરી રહ્યા છે. એક બાજુ ભીંડાની ખેતીમાં સવારે મજૂરો જોતરાતાં મજૂરોની તીવ્ર ખેંચ વર્તાઈ રહી છે. કેટલાંક ખેતરોમાં હજુયે ઘઉંનો પાક ઉભો જોવા મળે છે. એક અઠવાડિયામાં મજૂરોનું આગમન થશે ત્યાર બાદ ખેડૂતોના હૈયે રાહત થાય તેવા સંકેતો સાંપડી રહ્યા છે.


# ચ-૨ પાસે પાણીની લાઈનમાં લીકેજ થતા ખાબોચિયું ઉભરાયું

## ફોર્સ વધારવા ટ્રાયલ લેવાનું કામ ચાલે છે : તંત્ર

ગાંધીનગર, તા.૨૯

નવા સેકટરોમાં પાણી ફોર્સથી પુરું પાડવા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ પાઈપલાઈનમાં લીકેજીસની સમસ્યા વધી છે. પાણીનું પ્રેસર વધતા આજે ચ-૨ પાસે પાઈપલાઈનમાં લીકેજ તથા ખાબોચિયું ઉભરાયું હતું. તંત્રએ સમયસર કામ હાથ ધરી લીકેજને સીલ કર્યું હતું.

નવા સેકટરોમાં પાણીનો ફોર્સ વધારવા તંત્ર દ્વારા રૂ. ૧૬.૨૯ કરોડના ખર્ચે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી છે. સે-૫-ડીમાં નવીન પાણીની ટાંકી ઉપરાંત રૂટીન પાઈપલાઈનો પણ નવી નાંખવામાં આવી છે. નવી વિતરણ વ્યવસ્થાનો અમલ શરુ કરી દેવાતા ફોર્સથી આવતા પાણીના લીધે લીકેજીસની સમસ્યા વધી છે. અગાઉ મહાત્મા મંદિર અને સે-૧૨, ૧૩ની ચોકડી પાસે પણ પાણીની રેલમછેલ થઈ હતી. જયારે આજે ચ-૨ પાસે પણ લીકેજ થતા પાણીનું ખાબોચિયું ઉભરાયું હતું. આ અંગે પાણી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે પાણીનો ફોર્સ વધારવા ટ્રાયલ લેવામાં આવી રહ્યો છે. જયારે આ દરમિયાન અભ્યાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. ચ-૨ પાસે લીકેજ તથા તંત્ર દ્વારા ત્વરિત સમારકામ હાથ ધરી લીકેજને સીલ કરવામાં આવ્યું હતું.



'દીકરો મ્હારો લાડકવાયો...' આ જાણીતી પંક્તિને થોડી બદલીને ગાઈએ તો...'ભઈલો મારો લાડકવાયો, દેવનો દીધેલ છે, વાયરા જરા ધીરા વાજો એ નીંદમાં પોઢેલ છે...' એમ ગાતા આ બાળકોને જોઈને કંઈક અવનવા વિચારો સહજ સ્ફૂરે છે કે,

ખુલ્લું આકાશ જેનાં ઘરની છત છે ને,
ધરતીનો ખોળો જેનાં શમણાંની સેજ છે...

એવા આ નાના-નાના ભૂલકા પોતાના માતા-પિતાના આદેશને હૃદયમાં ચણી વૃક્ષની છાંયડીમાં મીઠા પવનની લહેરખીઓ માણી રહ્યા છે અને બે માસના નાના ભઈલાને મીઠી નીંદરે નવડાવી રહ્યા છે. કુદરતે જેને ભૌતિક સુખ સુવિધાઓ આપી છે. એ.સી.ને ડન્લોપના ગાદલામાં સુવાડયા છે એવા બાળકોને શું આવા ખુલ્લા ખેતરમાં, પવનની મંદ મંદ લહેરખીઓમાં, વૃક્ષોની ડાળખીઓમાં પાંદડાઓના ખળ ખળ સંગીતમાં કયારેય સુવાડયા છે... શું કુદરતનો આવો મીઠો ખોળો અનુભવ્યો હશે...!!

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૪૯

## તાપમાન

મહત્તમ : ૩૪.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

જી જોયઃ રીટાલીએશન ૩-ડી(હિન્દી) : ૯.૦૦, ૧૧.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૨ :

હિમતવાલા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્કીન-૩ :

હિમતવાલાઃ ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્કીન-૪ :

હિમતવાલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

હિંમતવાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સુહાગન શોભે સાસરીયે (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

હિંમતવાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

હિંમતવાલા : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫

: સ્કીન-૩ :

રંગરેઝ : ૧૦.૧૫, ૩.૦૦, ૮.૦૦
આત્મા : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

હિંમતવાલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : શુભ ફળ મળશે. રાજકીય કાર્યોથી દૂર રહેવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતાઓ છે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : ઈચ્છિત કાર્ય તશે. વિરોધી સમજૂતી કરશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક તંગી તેમજ કૌટુંબિક ગૂંચવણોને કારણે માનસિક કષ્ટ વધશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીની સ્થિતિ સુધરશે. કાર્યમાં મુશ્કેલી આવી શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં અસંતોષ રહેવાની સંભાવના છે. કાર્યમાં મુશ્કેલી આવી શકે છે. મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : શિક્ષણ ક્ષેત્રે નવા લક્ષ્યો સર કરશો. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થશે. ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બની શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**મકર** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. કુટુંબમાં કોઈ મંગળ કાર્ય થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : ભાગીદારી સંબંધી વિવાદોમાં ઉતાવળમાં કોઈ નિર્ણ ન લેવો. ગૂઢ અધ્યયન વગેરેમાં લાભ પ્રાપ્ત થસે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. મિત્રોના સહયોગથી કુટુંબની સમસ્યાઓનો ઉકેલ થઈ શકશે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્ર કૃષ્ણલાલ જાની (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૧૨૩૭/૧, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. અંબાલાલ દાનાભાઈ મકવાણા (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૨૭૨/૧, સેકટર-૭/એ, ગાંધીનગર.